**The Mother: The Cosmic consciousness**

… … …

The World was her spirit's wide circumference,
The thoughts of others were her intimates,
Their feelings close to her universal heart,
Their bodies her many bodies kin to her;
She was no more herself but all the world.

… … …

'Savitri' – P-556 **- Sri Aurobindo**

## વિશ્વરૂપા મા ભગવતી

… … …

જગ તો આત્મની એના    પરિધિ કો વિશાળવી,
વિચારો અન્યના એ તો    એહના ગાઢ મિત્ર સૌ,
અન્યના ઉર-ભાવો તે    એહના વિશ્વરૂપિણ
ઉરની નિકટે થાતા    સ્પંદ સૌ, અન્યનાં તનો
એહની સંગમાં ધારી    સગાઈ ગાઢ કો રહ્યાં;
ન હવે હતી એ પોતે,    કિંતુ સર્વ જગત્ સ્વયં.

… … …

'સાવિત્રી' –પૃ-પપ૬ **- શ્રી અરવિન્દ**

અનુ. સુન્દરમ્

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2024**
**FEBRUARY**
૧ ફેબ્રુઆરી, ૨૦૨૪

## – THE DECISIVE STEP –
## – નિર્ણાયક પગલું –


Be sure that I am always present among you to guide and help you in your work and your sadhana
with my blessings

Be sure that I am always present among you to guide and help you in your work and your sadhana.

With my blessings

5 April 1954 - The Mother

ખાતરી રાખો કે તમારા કાર્યમાં અને તમારી સાધનામાં તમને દોરવા તથા મદદ કરવા માટે હું તમારા બધાંની વચ્ચે હમેશાં હાજર છું.

મારા આશીર્વાદ સાથે

૫ એપ્રિલ ૧૯૫૪ - શ્રી માતાજી

'શ્રી માતાજીના મંત્રો'

## The Decisive Step

… … …

…when people tell me, “I would like to know whether I am in contact with my soul or not”, I say, “If you ask the question, that is enough to prove that you are not. …”

And since we are speaking of that, I shall remind you of what Sri Aurobindo has said, … that his yoga, the integral yoga, can begin *only after* that experience, not before.

… if you want to advance on the path, you must very modestly start on your way towards the new birth (i.e. the realisation of eternal soul in oneself) first…

To console you I may tell you that by the very fact that you live on earth at this time – whether you are conscious of it or not, even whether you want it or not – you are absorbing with the air you breathe this new supramental substance which is now spreading in the earth atmosphere. And it is preparing things in you which will manifest *very suddenly*, as soon as you have taken the decisive step.

… … …

Compilation from talks in classes in 1957 — **- The Mother**

## નિર્ણાયક પગલું

… … …

… જયારે લોકો મને કહે છે, "મને એ જાણવાની ઇચ્છા છે કે શું હું મારા આત્માના સંપર્કમાં છું કે નહિ", ત્યારે હું કહું છું, "તમે આ પ્રશ્ન પૂછો છો એ જ સૂચવે છે કે તમે નથી…"

અને આપણે જયારે એના વિષે, આત્માના સાક્ષાત્કાર વિષે વાત કરી રહ્યાં છીએ ત્યારે આ બાબતમાં શ્રી અરવિન્દે શું કહ્યું છે તે હું તમને યાદ કરાવીશ. તેઓશ્રીએ કહ્યું છે કે તેમના યોગની, ‘પૂર્ણ યોગ’ ની શરૂઆત જ આત્મસાક્ષાત્કાર પછી થઈ શકે, તે પહેલાં નહિ.

… જો તમે આ યોગમાર્ગમાં આગળ વધવા માગતા હો તો, સૌથી પહેલાં ખૂબ વિનમ્રતાપૂર્વક તમારે તમારા નવા જન્મના માર્ગે આગળ વધવાની શરૂઆત કરી દેવી જોઈએ.

આશ્વાસન માટે તમને કહી શકું કે આ સમયે જયારે તમે પૃથ્વી પર છો એ હકિકત માત્રથી – તમે એ વિષે જાણતા હો કે ન જાણતા હો, તમે એને પ્રાપ્ત કરવા માગતા હો ન માગતા હો – તમે શ્વાસમાં લીધેલી હવા સાથે આ નૂતન અતિમાનસિક તત્ત્વ – જે અત્યારે પૃથ્વીના વાતાવરણમાં પ્રસરી રહ્યું છે તેને – તમારામાં સમાવી રહ્યાં છો. અને તે તત્ત્વ તમારામાં કાંઈક એવું તૈયાર કરી રહ્યું છે જે તમે એક નિર્ણાયક પગલું ભરશો કે તુર્ત જ, તદ્દન અણધારી રીતે અવિર્ભાવ પામશે.

… … …

**શ્રી માતાજીના ૧૯૫૭ ના લાઈફ ડિવાઇન ઉપરના વર્ગોમાંથી સંકલિત** — **- શ્રી માતાજી**